Volume 2, Issue 5
August
2025

# HARIRAJ CHARITABLE TRUST

## NEWS AND UPDATES

૨૯ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૨, ગુજરાત

## રીલ વડોદરા

૧૬ ઓગસ્ટના રોજ, પીપળીયા ગામમાં પશુ આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં ૮૦ થી વધુ પ્રાણીઓની પશુ ચિકિત્સક દ્વારા તપાસ કરવામાં આવી હતી અને જરૂરી દવાઓ આપવામાં આવી હતી. ફિલ્ડ ફેસિલિટેટરે ડેમો પ્લોટ અને બાયો-ઈનપુટ સેન્ટરોની નિયમિત મુલાકાત લીધી હતી.  સંસ્થા ચાલી રહેલ જીવાત વ્યવસ્થાપનમાં સહાયના ભાગ રૂપે ડેમો ખેડૂતોને ચલો સ્ટીકી ટ્રેપનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોટનકનેક્ટ ટીમ તરફથી અભિજીતભાઈ અને અમિતભાઈએ કાર્યક્રમના ગામોની મુલાકાત લીધી તેમજ સમુદાયના સભ્યો સાથે વાતચીત કરી અને પ્રગતિની સમીક્ષા કરી.

















## રીલ રીજન કોટડા - ગોંડલ તાલુકો

### સંકલિત જીવાત અને રોગ વ્યવસ્થાપન અંગે ૨૭ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ કોટડા સાંગાણી તાલુકાના રાજપરા ગામે તાલીમ યોજવામાં આવી.







### કોટડા સાંગાણીના રીલ રીજન પ્રોજેક્ટ વિસ્તારમાં ૨૮ થી ૩૦ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન સેકન્ડ પાર્ટી વેરિફિકેશન કરવામાં આવ્યું હતું.






HARIRAJ
CHARITABLE TRUST
NEWS AND UPDATES
Volume 2, Issue 5
August 2025

મહિના દરમિયાન મજુર તાલીમ ૧, મજુર સર્વેક્ષણ, ખેડૂત તાલીમ ૩ અને ૪ દસ્તાવેજીકરણ સાથે, શાળા મુલાકાત, ખેડૂતો અને મજૂરોને કેલેન્ડર અને પેમ્પલેટનું વિતરણ, બાળ મજુરી અને દબાણ પૂર્વક મજુરી પર HRDD તાલીમમાં હાજરી, MEL અરજી પર ખેડૂતોની ચકાસણી, બાયોઇનપુટ સેન્ટર માટે ખેડૂતોની ઓળખ અને સામગ્રીનું વિતરણ, ડેમો ખેડૂતોને લીમડાના તેલ અને બ્યુવેરિયા બાસિયાનાનું વિતરણ જેવી કામગીરી કરવામાં આવી.
















## સેન્ટર ફોર લર્નિંગ આસિસ્ટન્સ

આ મહિનો અમારા શિક્ષણ કેન્દ્રોમાં ઉત્સાહપૂર્ણ અને સાંસ્કૃતિક ઉજવણીઓથી ભરેલો રહ્યો. નિયમિત શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપરાંત વિવિધ ઉત્સવના કાર્યક્રમો દ્વારા ભારતના સમૃદ્ધ વારસાની ભાવનાને સ્વીકારી. જેમાં સાંસ્કૃતિક પરિધાન દિવસની ઉજવણી કરી અને બાળકોએ ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધ વિવિધતાનું પ્રતિનિધિત્વ કરતા પરંપરાગત પોશાક પહેર્યા. જન્માષ્ટમી અને રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી. જાતે રાખડીઓ બનાવીને તેમના ભાઈઓને પ્રેમ અને કાળજીથી બાંધી. અમારા મોટા માચિયાળા શિક્ષણ કેન્દ્રમાં પ્રોજેક્ટ દિવસની પણ ઉજવણી કરી. વિદ્યાર્થીઓને ત્રણ જૂથોમાં વહેંચવામાં આવ્યા હતા, દરેક જૂથે વિવિધ પ્રવૃત્તિઓ કરી અને તેમની સર્જનાત્મકતા અને ટીમ ભાવના દર્શાવી.













HARIRAJ
CHARITABLE TRUST
NEWS AND UPDATES
Volume 2, Issue 5
August 2025

## જેન્ડર શિક્ષણ

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫ -૨૬ માટે સંસ્થાએ ખાંભા તાલુકાના ત્રણ ગામો - રબારીકા, ધુંધવાણા અને સાળવામાં જેન્ડર શિક્ષણ કાર્યક્રમ શરૂ કર્યો છે. જેમાં આ મહીને ફાઉન્ડેશન કોર્ષના ૫ મોડ્યુલ પૂર્ણ કર્યા છે.









## ભુજમાં કોમ્યુનિટી રેડિયો જાગૃતિ વર્કશોપ

**સંસ્થાના પ્રતિનિધિ માનસી અને મોનિકાએ ભારત સરકારના માહિતી મંત્રાલય દ્વારા વિશ્વાસ દયાન પ્રબોધિની અને સંશોધન સંસ્થા, નાસિક, મહારાષ્ટ્રના સહયોગથી ભુજ ખાતે આયોજિત કોમ્યુનિટી રેડિયો જાગૃતિ વર્કશોપમાં તા. ૨૦ અને ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ હાજરી આપી.**








## લેખન સત્ર

**સંસ્થાના વિવિધ અહેવાલો પર લેખન સત્રોનું આયોજન તા. ૫, ૧૨, ૧૯ અને ૨૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ થયું.**




## વાંચન સત્ર

**તા. ૧, ૮, ૧૫, ૨૨ અને ૨૯ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ લો ઓફ લવ પર ઓનલાઈન વાંચન સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું.**




Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

**Share your review**



www.hariraj.org info@hariraj.org